સુધ:લાનો સંતાપ અને

ફેશનની ફજેતી



કીંમત ૦-૧-૬

૮૦૫૩૨

ભાઈઓ જરા સબુર કરો.

તમાએ ઘણી જાતની ખીલની દવા વાપરી
હશે પણ નાશીપાસ થયા છો તો એક વાર
હમારો ખીલનો મલમ વાપરવા
ખાસ ભલામણ છે.

તેમજ લાહોરવાલા પ્રખ્યાત પંડીત ઠાકુરદત્ત શર્માની
બનાવેલી તમામ દરદો ઉપર અકસીર

અમૃતધારા

તેમજ જામનગરવાલા વૈદ્યશાસ્ત્રી મણીશંકર
ગોવીંદજીની શક્તીને માટે પહેલવાન
જેવા બનવું હોય તો વાપરો

આંતકનીગ્રહ ગોળીઓ.

સી. એન. બ્રધર્સ.

દરેક જાતની દવા સેંટ સાબુ કોલનવૉટર
તેમજ પ્રોવીજન ચાહ કૉફી વેચનાર.

કણપીઠ બજાર—સુરત.

સુરત, બરાનપુરી ભાગોળ ભાજીવાળીપોળમાં આવેલા શ્રી 'અમીકર
વીજય' પ્રીન્ટીંગ પ્રેસમાં હરગોવનદાસ હરકીશનદાસે છાપ્યું

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૧૦૫૩૧ वर्गांक

पुस्तकनुं नाम રુધિરભીનો સંતાપ

विषय ટૂ. વા.




સુધરેલાનો સંતાપ

--અને--

ફેશનની ફજેતી.

ભાગ ૧ લો



સંગ્રહ કરી છપાવનાર,

નારણચંદ છગનલાલ શાહ,

તાસવાલા પીલીંગ સ્ટેશન **સુરત.**

સંવત ૧૯૭૯ સને ૧૯૨૩

પ્રત ૫૦૦૦ **આવૃતી ૨જી.**

સુરત, ધગનપુરી બાગોળ ભાઠવાળી પોળમાં આવેલા ની 'અંબીકા વીજય' પ્રીન્ટીંગ પ્રેસમાં હરગોવનદાસ હરકીશનદાસે છાપ્યું.

કીંમત ૦-૧-૬

—સુધરેલાનો સંતાપ અને ફેશનની ફજેતી.—

ફેશન એટલે શું ?

(હરીગીત)

ફેશન તણા સાધન મહીં છે, મુખ્ય વસ્તુ આટલી;
ચીરૂટ, બીડી, ને [illegible] સાથે બાટલી.
ભજીઆં જુઓ ગરમાગરમ [illegible] પીચકારીઓ;
કપડાં અને લત્તાં ઘણાં છે, [illegible] ચશ્મા ધર્યાં
છે કોટ પણ કહું ફાંકડો, [illegible] છે ખરી;
ખીસ્સા મહીં [illegible] રાખ્યું છે ભપકો કરી
છે બાબરા પણ ફક્કડ [illegible] તને ટળી,
ટોપી બીચારી [illegible] તો, આજે ગણી.
ઈંગ્લીશ તણો અરે [illegible] વધ્યો છે કહું ઘણો;
વિચાર રાખીને હૃદયમાં [illegible] તમ પ્રીત ધરો.
ઉત્તમ ગણાતી આજ [illegible] તણા ફળ થાય છે;
ફેશન સુધારે હિંદવાસીઓ ધન ધોવાઈ જાય છે.

ગાયન ૨.

એક સદ્ગૃહસ્થની કરૂણાજનક કથની.

(રાગ કવ્વાલી.)

સુધારાની મઝા ન્યારી, જમાના [illegible] છે સારો;
જુવાનોને આ દશા [illegible], [illegible] આમ [illegible] છે.

જુઓ મુંબઈ તણી નારી, બનાવે ડગ તે ભારી;
ફરે થઈ શયની રાણી, અમારી આમ બાબત છે.
દયાળુ મા અને બાપે, લગન તો નાહરાં કીધાં;
હિસાબો તેહના આપુ, અમારી આમ બાબત છે.
હતી અમ દેશની અંદર, અમારી પ્રેમદા પ્યારી;
અમે અમ પાસ બોલાવી, અમારી આમ બાબત છે.
કરું કોઈ જાતનો ઓર્ડર, નથી તે ધ્યાનમા લેતી;
ફરે તે થઈને મદમાતી, અમારી આમ બાબત છે.
બધાંએ ઘર તણા કામો, અમે અમ હસ્તથી કરતાં;
દુઃખી છે જીંદગી મારી, અમારી આમ બાબત છે.
ભરું અમ હસ્તથી પાણી, પડોશી ઉડતી રાણી;
ચલાવે છે હુકમ શાણી, અમારી આમ બાબત છે.
કરી દાતણ પછી ઘરમા, પદમાણી પાટલે બેસે;
પછીથી ચાહ તે માગે, અમારી આમ બાબત છે.
ઘરે વાસણ બધાં માજુ, રસોઇ હાથથી રાધુ;
કરે ભોજન પછી પત્ની, અમારી આમ બાબત છે.
કરી પત્ની તણી સેવા, કરી તો નોકરી જાવું;
પુરા પરતંત્ર ત્યાં થાવું, અમારી આમ બાબત છે.
બધા આ કષ્ટને લીધે, દુઃખી અમ જીંદગી થાતી,
ઘણું મરવું અરે એથી અમારી આમ બાબત છે.
ભલા મુંબઈ તણી બેની, અમે હેરાન મહીં પડતા;
પછી પસ્તાઈને રડતા, અમારી આમ બાબત છે.
પગાર પચીસ તો આવે, [illegible] ખરચાવે.

દયા દિલમાં નહિ લાવે, અમારી આમ બાબત છે.
બતાવે દમ ઘણો નારી, ચલાવે છે હુકમ શાણી,
ફરે નીત્ય બાગમાં શાણી, અમારી આમ બાબત છે.
મંગાવે અવ નવી ચીજો, અમારે લાવવી ક્યાંથી;
નથી પેદાશ કંઇ જોતી, અમારી આમ બાબત છે.
ઘરેણાં નવનવા માંગે, વખત પર હાડકાં ભાંગે;
કહે શું કામ પરણ્યાતા, અમારી આમ બાબત છે.
હરદમ નીત્ય નવનવું થાયે, રહું હું ઘેર જ્યાં સુધી;
કરે ઠણકા ખરા ખોટા, અમારી આમ બાબત છે.
પથારીમાં પડી રહેતી, મીઠાઇ મોજથી ખાતી;
દુઃખી મમ જીંદગી થાતી, અમારી આમ બાબત છે.
ભરૂં નીત્ય બીલ વૈદોનાં. છતાં સાજી નથી થાતી;
ચલાવે ઢોંગ બહુ ખોટા, અમારી આમ બાબત છે.
ખરીદી હુંથી કરતી, લખાવી નામ પર મારા;
કહો બીલ ક્યાં થકી ભરવું અમારી આમ બાબત છે.
પધારી પ્રેમથી કરવી...મીયાની હાજરી ભરવી;
નથી નવરાસ પણ પળની, અમારી આમ બાબત છે
ગુમાવી દેશની સુધી...અહીં પરદેશમાં આવી;
છતાં ખુશ ના થઇ નારી, અમારી આમ બાબત છે.
હતી મમ દેશની અંદર, બધા એ કામ ત્યાં કરતી;
નથી અહીં કોઇથી ડરતી, અમારી આમ બાબત છે
પતિનું લોહી પીવાનું, તજી દેજો વમે બેનો;
સ્થિતી સ્વામી તણી જોતાં, ખોટાં થાને [illegible].

પતિના દીલમાં વસીને, રહેજો હું કહું બે'નો,
સુખો સૌ પ્રાપ્ત કહું થાશે, જરૂર માનો તમો બે'નો.

ગાયન ૩ જું.

વાંઢાનો વિલાપ.

નારી વીના ઘેર તાળું રે, સદાએ મારે નારી વીના ઘેર તાળુ
એ તો દીપક છતાં અંધારૂં રે. સદાયે મારે.
જઈ કુવા પર બેસુ રૂપાળી શમાઓ દેખું
રડું અંતર નારી સારૂં સારૂં રે સદાયે મારે.
સવારે ઉઠું છું જ્યારે, હળવું પડે છે હાથે મારે
રડું છું નારી સારૂં સારૂં રે સદાયે મારે.
પાણી લાવું છું માથે, નહિ કોઇ આવે સાથે
જગમાં જીવતર મમ ખારૂં ખારૂ રે સદાયે મારે.
પ્રભુ તમે છો કૃપાળુ વાંઢા મેણું ભાંગો મારૂં
નીવેડ કરવા ધારૂં ધારૂં રે સદાયે મારે.
એવી યાચના કરતો કરતો કરતો ઘરમાં જઇને હું સુતો
આવી નિદ્રાને સ્વપ્નું ભાળ્યું રે સદાયે મારે.
સાળીઓ મારા આવ્યા પરણાવાને ગૌરી લાવ્યા
ગોરે શ્રીફળ મને આપ્યું અપ્યું રે સદાયે મારે.
જ્ઞાતીઓને ભોજન દીધા, શીરાપુરીને ભજીયાં કીધા
વરઘોડો ફરવા ધારૂં ધારૂં રે સદાયે મારે.

મુંબઇથી લાવ્યા તમા રજાના સુરતી વાજા
ઘોડાને હું સણુગારૂં રે સદાયે મારે.
બની ઠણી સુંદર અંગોના વરઘોડો કરવા નીકળે
અંતર મનસુખા ધાનું ધરૂં રે સદાએ મારે.
કુમકુમ પત્ર લખવા માટે વીનતી રજ કીધો રાતે
હોશે હું લખવા ધારૂં ધાફ રે સદાએ મારે

ગાયન ૪ થું.

વામાનો સંદેશ.

—હરીગીત.—

પ્રીતમ વશ્યા પરદેશમા પત્ની નિસાસા નાંખતી
રસથી ભરેલાં પ્રેમ પાત્રો નિત નિત પઠાવતી
વ્હાલા કહેલો વાયદો વીત્યો હવે ઝટ આવજો
પ્રિય પ્રેમ પ્યાસી પત્ની માટે, નવીન વસ્તુ લાવજો
વાચી પ્રિયાનો પત્ર ગૂઢ, આનંદ તન મન તે થયો
પ્રમાળ પત્ની કાજ પ્રેમ ભારતના લેવાને ગયો
હેત ખરીદયો હાર હીરાના પ્રિય ને આપવા
કંકણ લીધાં વળી હેમના રસ રેલીને રીઝાવવા
ઉમંગ ઝુલે ઝુલતો પતી, આવી પોંચ્યો નિજ ગ્રહે
કહો સ્વામી શું લાવ્યા બતાવો કામની પ્રિયને કહે
પેટી ઉઘાડી સ્વામીએ તો ભેટ પ્રીતે આપવા
સૌંદર્યને ખીલાવવા વામા રસીક રંગાવવા

જોઇ બધુ આ હેમનું મનમાં અતિ મુઝાય છે
નીરખી નવાં આ ભુષણો દીલમાં કંઇ કંઇ થાય છે
થોડી પળે તે સ્તબ્ધ થઈ આંસુ હવે તે પાડતી
બોલ્યા વીના રામા તણી રીસાઇને થૈ ચાલતી
જાંખો પડયો સ્વામી નીચે તે પ્રેમદા પુંઠળ ગયો
માને મનાવી માનુની ત્યારે ઘણો રાજી થયો
બોલ્યો કહો પ્યારી તમો રીસાઈ શું ચાલ્યા ગયાં
શું હેતને ઓછું કરી દીલથી તમો ન્યારાં થયાં
સ્વામી તણાં વચનો સુણી વામા ઘણી હરખાય છે
પ્યારા મને સાડી તણું દીલમાં ઝઝુ મન થાય છે
મોજાં અને છત્રી નંગ પ્યારા તમે લાવી દીઓ
રાજી કરી વ્હાલા મને દીલ આપનું અર્પી દીઓ
પુછયું મળે છે કયાં કહો એ સ્વચ્છ ચીજો આપની
હું હાલ લાવું છું લલીતા પ્રેમ દ્રષ્ટિ રાખની
હમણાં બધી ચીજો હું તુજ ચર્ણમાં લાવી દઉં
આ પ્રેમની દોરી બધી તુજ કંઠમાં અર્પી દઉં
રઢીઆળું મુંબઇ શહેર જે ગુજરાતમાં મશહુર છે
થોડા વખતમાં સ્વામી ત્યાં જાવાતણું બસકામ છે
એ શહેરમાં ચીજો તણી દુકાન તે. મશહુર છે
ત્યાં જરૂર મળશે જાએ ચીજો આ બધી પ્રખ્યાત છે
સમજ્યો બધી ચીજો હું એ શહેરમેં જોયું ખરૂં

હું રાતના વાગું હની એ શહેરમાં નીકળી પડું
કહું છું નમીને હું હવે કે સ્ત્રી આ માથે પડી
બહેતર હવે તો એમ કે વિષ ખાઇને જાવું મરી
ગોરધન કહે વિનતી તમોને હોંશથી સત્કારજો
પીવું પતીનું લોહી તે તમ દીલથી ધીક્કારજો

ગાયન ૫ મું

પરણેલાનો પસ્તાવો.

હતો કુંવારો આજ લગી હું પરણ્યાનું દીલ થાતું તું
પરણેલાને નજરે જોતાં હૈડું તો હરખાતું તું. ૧
ઘર દુકાનો વેચી દઇને રૂપીઆ સૌ ભેગા કીધા
લાડીજીને હોંશે મગાવા કેડા કંઈ કરજે લીધા. ૨
બૈરી પરણ્યા શુભ લગનથી કોડ કર્યા સઘળે પુરા
સુખ સઘળું હોળીમાં હોમ્યું ઇજ્જતના કીધા ચુરા. ૩
પ્રથમ આણે શાણી રાણી લાજ મહિં લજાતાંતાં
સાથે ફરવાનું હું કહેતો ઇજ્જતમાં અચકાતાંતાં. ૪
વચનો વદતાં ખાશ ધાદ બોલી લાગે બહુ સારી.

મેં જાણ્યું જે કામ થયું છે સદ્‌ગુણી પામ્યો નારી. ૫
પછી પધાર્યાં બીજે આખો પ્લાટ સહુ બદલાયો છે
બકરી જેને હું જાણતો તે વાઘ થઇને આવ્યો છે. ૬
બે ત્રણ દીવસ થયા એટલે મકાનમાં ખામી કાઢી
આ ઘરમાં હું નહીં રહેવાની કહીને રીસાયાં લાડી ૭
હુકમને મેં માનજ આપ્યું ઘર બીજું ભાડે લીધું
દાગીના માટે વા'લીએ આમંત્રણ બીજું દીધું ૮
નોટીશ મળતાં હું ગભરાયો તે પણ હિંમત મેં રાખી
શું શું જોઇએ તે મનમાની મૂખેથી દયોને ભાખી ૯
ઝાંઝર જોડી મારે જોઇએ એરીંગની જોડી લાવો
લૉકેટ ગીનીના સોનાનું લઇ વા'લા વેલા આવો ૧૦
બંગડીઓની જોડી લાવો સાચા મોતીની સ્વામી
સાડી કેશમી લાવો જેવી પહેરે છે મારી મામી ૧૧
ત્રુર્ત વડકો મેં તો કીધો પાઇ નથી પાસે મારી
સઘળું વેચ્યું દેવું કીધું ત્યારે પરણ્યો છું નારી. ૧૨
સુણતાં વા'લી વીલાં પડીયાં તરત તાડુકો કીધો
પરણી તમને તેમાં કહોને મે શું કંઇ ગુન્હો કીધો ૧૩
મેં માગ્યું તે મારે જોઇએ તેમાં કંઇએ નહિ ચાલે
થઇ ભીખારી કેરી નારી તે તો આ હેડે સાલે. ૧૪
ધાટી વીણ ધણીએ નહિ ચાલે મનમાં લેજો વિચારી
રસોઇ હાથે રાંધુ છું તે માટે સમજો છું સારી. ૧૫
સુણી આખી ખુબરી તેઓ આપ રહ્યા હબ્બગ જેવા

હાળ થઈ માટે સિધાવો આહુ ને મરચાં લેવા. ૧૬
ઘાટી માફક ગણવા લાગી ઓર્ડરથી ચકરાવે છે
નવા નવા બુટ્ટા ઉડાવી અન્તરમાં કકળાવે છે. ૧૭
તુર્ત રોકડો જવાબ દે છે નહી જરા હું ગુસ્સે થઉં
વેરી સોરી ઓ માય હસબંડ આઇ એમ ગોઇંગ
ડિયર નાઉ. ૧૮

ગાયન ૬ ઠું.

વિષયમાં મસ્ત રહેનારી વામા.

ફેશન અપ-ટુ-ડેટ બનાવી, ઠમઠમ કરતી વાગે છે.
ઝીણા વસ્ત્રે અંગ સજીને, ફેશનમાં બહુ મહાલે છે;
રોફ જોઇ વિચારજ કરતાં વશ્યા સરખી લાગે છે.
ચાલ આંગળની ચોરી વીનાના, ભાવ સહુ દેખાડે છે;
બુટ ચઢાવી ફુલ ફેશનમાં, ચપળા જુઓ જાએ છે.
અબે ગાડી વાળા આજે, ગાડી તું મોડી લાવ્યો;
ટાઇમ તણું ઉલંઘન કરીને, ગાડી કેમ મોડી લાવ્યો,
ગાડીવાળો કહે નમ્ર ને, આજ મને મોડું જ થયું.
વિચાર હતો વેલાનો તોપણ વખત કોક એમ થયું;
ઠીક હવેથી તુજને કહું છું, ટાઇમ નહિ મોડો કરતો;

ચોપાટીની ઉપર આજે, ગાડી તું જલદી લેતો.
ગાડીવાળો કહે નમીને ખુશ થઈ આજે મારી;
ગાડી મારી જુઓ આજે, જાઓ છે કેવી વેલી.
જલદી લેને કહી ચપળા; ગાડીમાં આવી બેઠી;
ઉભો હતો હું ઘણો હું, પણ નજર ગઇ મારી પેસી.
ચોપાટી આવતામાં ચપળા. ગાડીમાંથી હેઠી ગઇ;
અમુક વખતે લખીશ સાહેબો, પાછળ શી હકીકત થઈ.



ગાયન ૭ મું.

વિષયમાં અંધ બનેલા સ્વામીને તેની સ્ત્રીએ દીધેલો બોધ.



રાગ કવ્વાલી.

રંડી આશક બની સ્વામી મજા કેવી તમે જોઈ
કરી તમ જાતની ખ્વારી, વળી મીલકત બધી ખોઈ
હતી તમ આપની લક્ષ્મી કરી દીધી બધી પાણી
થઇ ઉમ્મર ઘણી મોટી માયા ના છતાં કોડી
જોઈ હું કાંઈકના પતીઓ ખર સ્વામીજ બેઠી છું
હજી તમ સુધરો સ્વામી વખત હજું ના વહી ગયો છે

સુધારવાને કહું સ્વામી વખત બાકી ઘણો રહ્યો છે
રંડીનો સંગ ત્યાગીને પતિ મમ પ્રેમથી રહેજો
પડે જો દુઃખે એકે તો પછી મુજને તમે કહેજો
રંડીનો સંગ કરવાથી થાએ છે લોકમાં હાંસી
વધુમાં જાનની ખ્વારી સ્વામી કહું છું ઘણી થાતી
અરે એ વાત બાજુએ મુકું હું જો કદી પ્યારા
ઘણું કહું દુઃખ તો થાએ કહું છું આપને વ્હાલી
તમારી પાસ આ દાસી ઉભી છે હાથ જોડીને
છતાં કહું આપને સ્વામી રખડવા મન કેમ થાએ
રંડીઓ ના કદી કોઇની કહું છું ના જરા થાતી
હુણી લોકો તણાં નાણાં ચમનમાં તે ઘણી રહેતી
દીઓ પૈસા તમે પ્યારા તહાં તે આપની થાએ
ખીસ્સા ખાલી જહાં દેખે બીજાની તે જરૂર થાએ
આવી રીતે કહું પ્યારા...રંડીની જાત છે નીચી
છતાં કહું આપ ત્યાં પ્યારા જાઓ શું આંખને મીચી
ઇશ્કમાં પડતા પહેલાં...મજા તેની ઘણી જુઓ
થયે જ્યાં જાનની ખ્વારી મુકી બહુ પોક તમ રૂઓ
માટે કહું કરગરી પ્યારાં તમે તે છંદને છાંડો
ચડશો જો ઇશ્કનો હોએ હવે પ્યારા તમે છોડો
કહું હું કરગરી સ્વામી પ્રીતી મમથી તમે જોડો
રહેવાં ફંદને છોડી...પ્રભુને હાથ બે જોડો.

ગાયન ૮ મું.

ફેશનની ફીશીયારી.

રાગ ગઝલ—કવ્વાલી.

અરે સજ્જન શાણાઓ, અરજ કંઇ ઉર ધારોને
વધ્યો છે શોખ દુનીઆમાં, હવે તેને સુધારોને
પહેરી ફેન્સી ચોળી....જતી ઓરત ભુલેશ્વરમાં
પછી તે ક્યાં કહો જાતી, અરે તે જાણતો ઈશ્વર
અહા શું તેહની સાડી, અતિ બારીક મેં ભાળી
શોભામાં શું વધારો છે, કર મહી બંગડી કાળી
સુકોમળ અંગમાં એના, સુવાસીક અત્તરો મ્હેકે
ખરેખર દેખતાં સજજન, સહુ તો નાયકા કહે છે
વીસાર્યો દાંત હાથીના, ચડાવ્યા કાચ કંઇ ચી-તે
જુના ધારા વીસારીને, નવા ધારા ગ્રહ્યા પ્રીતે
અરે તે બંગડી માટે...બીજાને હસ્ત આપે છે
વીસારી છેક લજ્જાને, બધી મર્યાદ લોપે છે
હવે કહો શું રહ્યું બાકી, બનાવ્યા ડ્રેસ લેડીના
ધરી છે હાથમાં છત્રી, પહેર્યા બુટ લેડીનાં

સુગંધી તેલ ચોળીને, છટાથી કેશ ઓળીને
ચઢાવ્યા આંખ પર ચશ્મા. સુશોભિત વસ્ત્ર પહેરીને
અરે મમ પ્યારા બધુઓ, સુધારાને વધારીને
અતિશય છુટ આપીને ચકાવી છેક લાડીને
જુઓ અસલ તણી રીતી, વીચારો ધર્મ ને નીતી
કરો કંઇ કામ ભકતીનાં હૃદયમાં રખીને પ્રીતી
કહે ગોરધન સુણો પ્યારા. હૃદયને લાગશે ખારા
હઠાવવા આ કુધારાને વચન આ માનજો મારા.



ગાયન ૯ મું.

સ્ત્રીના બોધ સુણીને તેના પતિએ કરેલો પસ્તાવો.




રાગ કવ્વાલી.

અરે કીસ્મત અરે કીસ્મત. કહી દે હોશ તું મ્હારો
કર્યો છે હાય દુઃખી આરો ભુજ્ય.ને રાહ બતલાવો
હતી કીર્તિ ઘણી સારી.... અરરે શું સ્ત્રીની મારી

નિહાળો જગત આશરી, ભુલ્યાને રાહ બતવાવો
હતાં સુખ વૈભવો કેવાં, ખરેખર ઇંદ્રના જેવાં
લીધું મેં સર્વ એ ટાળી, ભુલ્યાને રાહ બતલાવો
હતી મોટર ઘણી સારી, હું ધને લાગતી પ્યારી
પડયું છે દુઃખ બહુ ભારી, ભુલ્યાને રાહ બતલાવો
સુકોમળ તો વદન મારૂં, સુકાતું કષ્ટને લીધે
વીધીનો ખેલ છે ન્યારો, ભુલ્યાને રાહ બતલાવો
અરે મુજ મુખથી શબ્દો, નીકળતા બહાર તે પહેલાં
ઉઠાવી સેવકો લેતા, ભુલ્યાને રાહ બતલાવો
જતો મમ મીત્રની પાસે, મને બહુ માન ત્યાં મળતું
થતી ત્યાં સ્નેહની વાતો. ભુલ્યાને રાહ બતલાવો.
હવે તો મીત્ર સહુ મારા, મને તો કાળ સમ ભાસે;
રહી નહી પાઇ પણ પાસે, ભુલ્યાને રાહ બતલાવો
ઘણી ભારી હતી મારી, મનોહર બીલ્ડીંગો સારી
થઇ તે હાય દુઃખીઆરી, ભુલ્યાને રાહ બતલાવો
હતાં વસ્ત્રો ઘણાં સારં, જીવનને લાગતાં પ્યારાં
પડયાં છે તેહ વીણ કાંઇ, ભુલ્યાને રાહ બતલાવો
સુકોમળ બાળકો મારાં, દુઃખી છે અન્નના લીધે
નજરથી તે ન જેવાતું ભુલ્યાને રાહ બતલાવો
સ્પેશીઅલ ચાહ અને કોફી, વણાં બખાણ બહુ મારે

હવે તો તેહ વીબુ ચાલે, ભુલ્યાને રાહ બતલાવો
અરે ઓ દીલની દારા, કરગરી હું તને કહું છું
ક્ષમા કર અવગુણો સારા, ભુલ્યાને રાહ બતલાવો
દીસે તું દેવના સાખી, છતા હું ઇશ્કમાં પડીઓ
ક્યો વિચાર ના વ્હાલી, ભુલ્યાને રાહ બતલાવો
સુણ્યાં ના બોધનાં વચનો, ઈશ્કના પાસમાં રહીને
થયો હેરાન હું ભારી, ભુલ્યાને રાહ બતલાવો
તને હું કરગરી કહું છું, ક્ષમા તું આપને વ્હાલી
નઠારાં કૃત્યો ભુલીજા, ભુલ્યાને નહિ બતલાવો
નહિ હું આજથી પ્યારી, જગ વાંકો નહિ ચાલુ
હવે તો રેમ રાખીને, ભુલ્યાને રાહ બતલાવો
અરે ઓ જગત મોરારી, તને પણ કરગરી કહું છું
મારી અવગુણની મારી, ક્ષમા તુજ પાસથી લઉં છું.



અમારી છપાવેલી ચોપડીઓ મળશે.

હીંદનો ઉધ્ધાર ભાગ ૧ લો	કીમત	૦—૧—૦
,, ,, ભાગ ૨ જો	,,	૦ ૧—૦
મહાત્મા ગાંધીજીની જેલ જાત્રા	,,	૦—૧—૦
ભારત-સેવા ભાગ ૧ લો	,,	૦—૧—૦
,, ,, ભાગ ૨ જો	,,	૦—૧—૦
સુધરેલાનો સંતાપ અને ફેશનની ફજેતી		૦—૧—૦
સુધરેલાનો સંતાપ અને ફેશનની ફજેતી ભાગ બીજો		૦—૧—૬

હમારે ત્યાં ઉપર મુજબની ચોપડીઓ મળશે. માટે છુટક નકલ મંગાવનારે દરેક બુક દીઠ દોઢ આનાની ટીકીટો બીડી મોકલવી. વી. પી. થી માલ મોકલવામાં આવશે. વી. પી. થી મંગાવનારે અગાઉથી એડવાન્સ અડધા નાણા આપવા પડશે વેપારી તથા ફેરીઆઓને માટે બહુજ સસ્તા ભાવ છે માટે ટીકીટ મોકલી જવાબ મંગાવો.

શાહ નાહનચંદ છગનલાલ,

ઠે૦ સ્ટેશન સામે તાસવાલા બીલ્ડીંગ સુરત.

પ્રેમી જોડાનો સુખી સંસાર.

